## **માળીયા હાટીના પો. સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૩૦૩૬૨૬૦૧૭૪/૨૦૨૬, બી.એન.એસ. કલમ–૩૦૮(૫), ૩૫૨, ૧૧૫(૨), ૩૫૧(૩), ૫૪ તથા ગુજરાત નાણા ધીરધાર અધિનિયમ કલમ–૪૦, ૪૨(એ), ૪૨(ડી) મુજબનાં કામે આરોપીની જામીન અરજી તળે હુકમ**

(૧) સદરહુ કામે ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૩૦૮(૫), ૩૫૨, ૧૧૫(૨), ૩૫૧(૩), ૫૪ તથા ગુજરાત નાણા ધીરધાર અધિનિયમ કલમ–૪૦, ૪૨(એ), ૪૨(ડી) મુજબના ગુનાનાં આરોપી (૧) રાણાભાઈ કેશુરભાઈ વાળા, જાતે આહિર, ઉ.વ. ૫૫, ધંધો– ખેતી, રહે. લાછડી ગામ વાડી વિસ્તાર, તા. માળીયા હાટીના નાંઓ સામે ઉપરોકત વિગતેનાં ગુનાનાં કામે આરોપીની અટકાયત કરવામાં આવેલ. ત્યારબાદ આરોપીને અગાઉ ઈ.ચા. કોર્ટ રૂબરૂ રજુ કરતા તા. ૧૮/૦૬/૨૦૨૬નાં રોજ જયુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવેલ. ત્યારબાદ જામીન અરજી રજુ થતા સરકારી વકીલશ્રી એમ.એચ.સીંધી નાંઓને નોટીસ કરતા તેઓની મૌખીક વિનંતીથી આજરોજ હાઈબ્રીડ મોડથી સુનાવણી હાથ ધરવામાં આવેલ છે. જયારે આરોપી પક્ષે વિ.વ.શ્રી આર.વી.ભલગરીયાનાંઓને વિગતવાર રૂબરૂમાં સાંભળવામાં આવેલ છે.

(૨) જામીન અરજી વંચાણે લીધી તેમજ સાથે રજુ થયેલ પોલીસ પેપર્સ વંચાણે લીધા. સદરહુ કામે આરોપીનાં વિ.વ.શ્રીની રજુઆત છે કે, આ કામે હાલનાં આરોપીની બનાવ બાદ પોલીસ દ્વારા ખોટી રીતે સંડોવણી કરવામાં આવેલ છે. તેમજ નામ. કોર્ટ જે પણ કડક શરતો ફરમાવે તે તમામ શરતો પુર્ણ કરવા તેઓ તૈયાર અને ખુશી છે, આરોપી ગરીબ અને કુટુંબ કબીલાવાળા માણસ છે અને કયાંય નાશી ભાગી જાય તેમ નથી. તેમજ હાલનો ગુનો ટ્રાયેબલ બાય જે.એમ.એફ.સી. છે અને અત્રેની કોર્ટને આરોપીને જામીનમુકત કરવાની સત્તા પણ રહેલી છે. વધુમાં રજુઆત કરેલ છે કે, આરોપી સામેનાં ગુનાંની સજા અંગે જોવામાં આવે તો , ૧૦ વર્ષ સુધીની સજા થઈ શકે તેવી એક માત્ર કલમ–૩૦૮(૫) છે. જયારે અન્ય કલમો મુજબ સાત વર્ષની સજા થઈ શકે તેવો કેસ હોય તેવું સ્પષ્ટ જણાય છે. જેથી એક માત્ર કલમ ઉપરાંત અન્ય કલમો જામીન લાયક ગણી શકાય. હાલનાં કામની એફ.આર.આઈ. જોવામાં આવે તો

પુત્ર અને પિતા પાસેથી ટ્રેક્ટર અને ટ્રોલી લેવા વ્યાજે રકમ લીધેલ હોય તેવા આક્ષેપો કરવામાં આવેલ છે. તેમજ ફરિયાદીને દબાણ કરી ચેક પડાવી લેવામાં આવેલ હોય તેવા પણ આક્ષેપ છે. જેમાં ખરેખર કોઈ ચેકનો નંબર, વિગત કે રકમ પણ દર્શાવવામાં આવેલ નથી. તેમજ હાલનાં કામનાં આરોપી પાસેથી તેવો કોઈ ચેક રીકવર પણ થયેલ નથી. વધુમાં ફરિયાદીએ તેઓની જાતે દવા પી લીધેલ હોય તેવી ફરિયાદ નોંધાવેલ છે જે ફરિયાદી હાલ હોસ્પિટલમાંથી ડીસ્ચાર્જ પણ થઈ ગયેલ છે. આમ, બી.એન.એસ. કલમ–૩૦૮(૫)નાં કોઈ જ તત્વો એફ.આર.આઈ.માં જણાય આવતા નથી. જે સઘળી હકિકતો ધ્યાને લઈ નામદાર સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈનનાં આધારે આરોપીની હાજરી સુનિશ્ચિત થઈ શકે તેમ હોય અને આરોપી કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતો ન હોય આરોપીની તરફેણમાં ''બેઈલ નોટ જેઈલ'' નો સિધ્ધાંત ધ્યાને લઈ આરોપીને જામીનમુકત કરવા અરજ કરેલ છે.

(૩) સરકાર તરફે એ.પી.પી. શ્રી દ્વારા એવી રજુઆત થયેલ છે કે, હાલનાં કામનાં આરોપી ઉપર ગંભીર પ્રકારનાં ગુનાનું તહોમત છે, તેમજ આરોપી સામે ૧૦ વર્ષની સજા થઈ શકે તેવો ગંભીર ગુનો નોંધાયેલ છે. આરોપીઓએ એક સંપ થઈ ફરિયાદી ઉપર દબાણ લાવી ચેક પડાવી લીધેલ છે. જેથી વ્યાજના ચક્રમાં ફસાઈ ફરિયાદીને ઝેરી દવા પીવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલી છે. આરોપીઓએ ગેરકાયદેસર વ્યાજ વટાવનો વ્યવસાય કરી ફરિયાદીને દવા પીવા મજબુર કરેલ હોય તેવું માનવાને કારણ હોય, આરોપીઓ સામે પ્રથમ દર્શનીય ગુનો દાખલ થયેલ છે. આરોપીઓ સામેનો ગુનો તથા સજાની જોગવાઈ જોતાં જામીનમુકિત સામે વાંધો ધ્યાને લઈ જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૪) સાંભળ્યા, જામીન અરજી વંચાણે લીધી, સદર કામે એફ.આઈ.આર. તથા કેશ પેપર્સ વંચાણે લીધા. હાલના ગુનાના કામે આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૩૦૮(૫), ૩૫૨, ૧૧૫(૨), ૩૫૧(૩), ૫૪ તથા ગુજરાત નાણા ધીરધાર અધિનિયમ કલમ–૪૦, ૪૨(એ), ૪૨(ડી) મુજબની ફરિયાદ માળીયા હાટીના પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ છે. આમ, પ્રાથમિક દ્રષ્ટિએ જોવામાં આવે તો આરોપીઓએ એક સંપ થઈ ફરિયાદીને ગેરકાયદેસર રીતે રૂપીયા વ્યાજે આપી બળજબરી પુર્વક ફરિયાદીનો ચેક પડાવી લઈ ઝેરી દવા પીવા મજબુર કરેલ હોય તેવું એફ.આઈ.આર. જોતા જણાય આવે છે.

એફ.આઈ.આર.ની ટુંકમાં હકિકત જોવામાં આવે તો આ કામના ફરિયાદીએ આરોપી પાસેથી ટ્રેકટરનાં હપ્તા ભરવા તથા ટ્રેઈલર લેવા માટે રૂપીયા વ્યાજે લીધેલ હોય જે વ્યાજે લીધેલ રૂપીયાનું ફરિયાદી વ્યાજ ભરતા હોય તેમ છતાં ફરિયાદી પાસેથી વ્યાજની ઉઘરાણી કરી ફરિયાદીને મારી નાંખવાની ધમકી આપી બળજબરીથી બેંકનો ચેક કઢાવી ફરિયાદીને ભુંડી ગાળો કાઢી ઢીંકા પાટુનો માર મારી ફરિયાદીને મારી નાંખવાની ધમકી આપી ફરિયાદીને લાગી આવતા પોતાની મેળે ઝેરી દવા પી જતા આરોપીઓએ એકબીજાને મદદગારી કરી ગુનો કર્યા બાબતની ફરિયાદ તા. ૧૬/૦૬/૨૦૨૬નાં રોજ નોંધાયેલ છે. આમ, ફરિયાદનાં તત્વો જોવામાં આવે તો આરોપીઓએ એક સંપ થઈ ફરિયાદીને માર મારી, ધમકીઓ આપી, બળજબરી પુર્વક ચેક પડાવી તથા ગેરકાયદેસર વ્યાજ વસુલી મરવા મજબુર કરેલ છે. જેની આડ અસર રૂપે ફરિયાદી ધ્વારા ઝેરી દવા પીવામાં આવેલ છે. ફરિયાદી હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થયેલ હોય તેવી રજુઆત આરોપી પક્ષે થયેલ છે. પરંતુ, ફરિયાદીને હાલનાં કામનાં આરોપી ધ્વારા ગેરકાયદેસર રીતે વ્યાજ વસુલી વ્યાજનાં વિષચક્રમાં ફસાવી વધુ રકમ પડાવવા ચેક પણ પડાવી લીધેલ હોય તેવું એફ.આઈ.આર. જોતાં સ્પષ્ટ જણાય છે. વધુમાં,  હાલનાં કામે ૦૪ આરોપીઓ સામે એફ.આઈ.આર. દાખલ થયેલ છે જેમાંથી ૦૩ આરોપીઓ હજુ પણ નાસતાં ફરતાં રહેલ છે. જેથી આરોપીઓ પુરાવા સાથે ચેડાં કરે તેવી પણ સંભાવના નકારી શકાય નહીં કારણકે, કહેવાતા ચેકની રીકવરી પણ હાલ થઈ શકેલ નહીં. આરોપીઓ સામે ગંભીર પ્રકારનો ગુનો નોંધાયેલ હોય જે વ્યાજ વટાવનો ગુનો સીધો જ સામાન્ય વ્યકિતઓ અને સમાજને અસર કરતો ગુનો હોય, આરોપીને જામીનમુકત કરવો અત્રેની કોર્ટને વ્યાજબી જણાતું નથી. જેથી હાલની જામીન અરજી મંજુર કરવી યોગ્ય જણાતી ન હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -: હુકમ :-

હાલનાં કામનાં આરોપી નં.(૧) રાણાભાઈ કેશુરભાઈ વાળા, રહે. લાછડી ગામ, વાડી વિસ્તાર,તા. માળીયા હાટીના, જી.જુનાગઢનાંઓની જામીન અરજી આથી નામંજુર યાને રદ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૨૦ માહે જુન સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા. ૨૦/૦૬/૨૦૨૬

સ્થળ :– માળીયા હાટીના

**(બી.વી.ગોહિલ)**

જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ

મુ.માળીયા હાટીના

જજ કોડ– જી.જે.૦૧૪૫૬